જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૧૪ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૩૦૮૯/૧૪**

## નારણપુરા પોલીસ સ્ટેશનઃ-

નારણપુરા પોલીસ સ્ટેશનફર્સ્ટ ગુ.ર.નં ૩૮૬/૨૦૧૪ ઇપીકો કલમ ૩૮૪.૩૮૬૩૬૫.૧૧૪ મુજબના કામનાં ફરિયાદી શ્રીમિલીન્દ દિનેશભાઇ ગાંધી ઉવ.૨૪ રહે. ૨/બી,ગાંધીસાગર સોસાયટી રાધાસ્વામી રોડ મગનપુરા રાણીપ અમદાવાદ શહેરના ઓએ ફરિયાદ જાહેર કરેલ કે તેઓ બપોરના સુમારે પોતાના બીજા મિત્રો ંલય અને ઇરફાન સાથે હાજર હતા અને તે વખતે સાડા ત્રણેક વાગ્યા નાસુમારે જસમીત નામનો માણસ ઘરે આવેલો અને ફરિયાદીને જણાવેલ કે તારો મિત્ર હાર્દિક કયાં છે જેથી તેઓએ બહાર હોવાનુ કહેલ અને તેને ફુન લગાવવા કહેતા ફરિયાદી તથા સાહેદે હાર્દિકને ફુન લગાડેલ અને હાર્દિકને મળવાનુ કહેતા તેને ૧૩૨ ફુટરિંગરોડ ઉપર સમર્પણ ટાવરનીચે આવેલ આઇ પાન પાર્લર આગળ બોલાવતા જસમીત તથા ફરિયાદી બન્ને આરોપીની સ્વીફટ ગાડી નં.જીજે.૦૧.આરજી.૫૨૯૭ માં બેસીને ઉપરોક્ત પાન પાર્લર આગળ આવેલા અને તે વખતે હાર્દિક ત્યાં હાજર હતો અને બધા ગલ્લા આગળ ઉભા રહેલ અને થોડી વારમાં જસમીતે બોલાવેલ બે ઇસમો એકિટવા લઇને ત્યાં આવતા આ જસ્મીતે હાર્દિક તથા બે ઇસમો એ હાર્દિકને બળજબરીપૂર્વક સ્વીફટ ગાડીમાં બેસાડી દીધેલ અને ત્યાંથી ગાડી લઇ નિકળી ગયેલ અને ફરિયાદીએ પો.સ્ટે.આવી ઉપર મુજબની ફરિયાદ દાખલ કરેલ.

ત્યાર બાદ ફરિયાદ દાખલ થયા બાદ થોડી જ વારમાં કીડનેપરના ફરિયાદી તેમજ ભોગબનનારના ભાઇ સાહેદ અમિત ઉપર ફોન આવવા લાગેલ અને કહેલ કે હાર્દિક તેઓના કબ્જામાં છે અને તેને છોડાવવો હોયતો સાડા ત્રણ લાખ રુપિયા તૈયાર રાખો અને સગવડ થઇ જાય એટલે હું કહુ ત્યાં માણસ આવીને લઇ જશે એવો ફોન આવેલ બાદ અમો એ તુરતજ ત્રણ ટીમો બનાવેલ જેમાં(૧) સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.ભીલ તથા પોસઇ શ્રી એસ.પી.સોલંકી,પો.કો.નવનીતકુમાર હસમુખલાલ, પો.કો. આશિષકુમાર લક્ષ્મણભાઇ,(૨) પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી તથા હે.કો.સુભાષચન્દ્ર રત્નાજીત થાપો.કો.ભરતકુમાર પિતાંબરભાઇ તથા પો.કો.સંદીપકુમાર ઇશ્વરભાઇ તથા એલ.આર.અર્જુનસિંહ સરદારસિંહ(૩) પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી તથા પો.કો.મનોજભાઇ દેવાભાઇ તથા પો.કો.અશોકકુમાર ભીખાભાઇ તથા પો.કો.રાજેશમનુભાઇ એ રીતેના માણસોની ત્રણ ટીમો બનાવી આ બાબતેના.પો.કમિ.શ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી “ખ” વિભાગનાઓ સાથે ચર્ચા પરામર્શ કરી તેઓશ્રીએ આપેલ સુચના મુજબ ત્રણેય ટીમોને ત્રણ પ્રાઇવેટ વાહનોમાં કીડનેપરના કહેવા મુજબ પ્રથમ અખબારનગર સર્કલ મોકલી આપેલ અને અખબારનગર

સર્કલ ખાતે થોડીવાર છુટાછવાયા ગોઠવણી મુજબ ઉભા રહેલ તે વખતે કીડનેપરનો ફરિયાદી ઉપર ફોન આવેલો અને કહેલકે પૈસા લઇને અખબારનગર નહીપણ સાયન્સસીટીરોડ ઉપર આવેલ મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટ આગળ આવો તેવો ફુન આવતા ત્રણેય ટીમો પૈકી પો.સ.ઇ.શ્રી ગઢવી સાહેબની ટીમ આરોપીના ફોનકોલના લોકેશનવાળી જગ્યાએ સાંતેજ ખાતે જવા રવાના થયેલ અને બાકીની બે ટીમો ફરિયાદી તથા સાહેદ બેઠેલ તે મો.સા.ની પાછળ પાછળ સાયન્સસીટીરોડ ઉપર આવેલ મેકડોનાલ્ડરેસ્ટોરન્ટ આગળ પહોંચેલ અને તે વખતે પૈસા લેવા આવનાર માણસોનો ફોન આવેલ કે મેકડોનાલ્ડ આગળ નહીપણ તે જ રોડ ઉપર આવેલ સત્યમ કોમ્પ્લેક્ષ આગળ આવો જેથી ટીમો સાથે ત્યાં પહોંચી ફરિયાદી તથા સાહેદ પાસે એક ખાલી બેગ રાખેલ તે લઇને ફુન કરનાર ઇસમ પાસે પહોંચતા એક સફેદ કલરની સ્વીફટ ગાડીમાં બે ઇસમો આવેલા અને નીચે ઉતરીને ફરિયાદી તથા સાહેદ સાથે વાતચીત કરતા હતા તેજ વખતે સેકન્ડ પો.ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકીનાઓએ ટીમના માણસો સાથે આ બન્ને ઇસમોને કોર્ડન કરી પકડી લીધેલ અને ગાડીનો તથા બન્ને ઇસમોનો કબ્જો કરી લીધેલ અને તેજવખતે સાંતેજ ખાતે ગયેલ ટીમના પો.સ.ઇ.શ્રી ગઢવી તથા ટીમને પણ સફળતા મળી ગયેલ અને તે ઓ એ કીડનેપર જસમીત તથા ભોગબનનાર હાર્દિક ને મેળવી લીધેલ અને ત્રણેયટીમો ત્રણ આરોપીઓ તથા ભોગબનનાર હાર્દિકને તથા આરોપીની સ્વીફટકારને લઇને પોલીસ સ્ટેશન ખાતે આવી ગયેલ અને આ રીતે ઉપરોક્ત સમગ્ર બનાવ સબંધે સફળ ઓપરેશન કરી ગુનો ગણતરીના કલાકોમાં જ શોધી કાઢવામાં સફળતા મેળવેલ છે.અને સદર ગુનાની આગળની વધુ તપાસ સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.ભીલનાઓ કરી રહેલ છે.અને ત્રણેયઆરોપીઓની તા.૨૦.૧૨.૧૪ નાકલાક ૨૩.૫૫ વાગે અટક કરવામાં આવેલ છે.આગળની વધુ તપાસ હાલમાં ચાલુ છે.

<u>**ભોગ બનનારનુ નામ ઃ-**</u>

હાર્દિક જ્યંતિલાલવિસાણીપ૮/૬૮૬, અંબીકા એપાર્ટમેન્ટ ગેટ નં.૨ ૧૩૨ ફુટ રિંગ રોડ પલ્લવ ક્રોસ રોડ શાસ્ત્રીનગર નારણપુરા અમદાવાદ શહેર મોનં.૯૬૬૨૨૯૩૨૨૬

<u>**ત્રણેય આરોપીઓના પુરા નામ સરનામા નીચે મુજબ છે.**</u>

(૧) જસ્મીતહરબનસીંગસલુજાઉં.વ. ૪૧ રહે. એફ/૩૧, તક્ષશિલા એપાર્ટમેન્ટ, માનસી ટાવર પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ શહેર (૨) નૌશાદરમઝાનભાઈઅજમેરીઉં.વ. ૨૧ રહે. ૨૦૨, ફરહાન ફ્લેટ, શાળવીની પોળ, જમાલપુર, અમદાવાદ શહેર. (૩) હિરેનપ્રકાશભાઈધોડિયાઉં.વ. ૨૨ રહે. ૨૩, ગૌતમનગર, નારણપુરા રેલવે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ શહેર

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.